# રામભકત

વર્ષ : ૨૦, - અંક સંખ્યા :૫ - સલંગ અંક : ૨૧૯
વિ.સં. : ૨૦૮૧ આષાઢ - દિનાંક : ૧૦-૦૭-૨૦૨૫

**ગુરૂપૂર્ણિમાના પવિત્ર દિવસે ગુરૂવર્યોને કોટિ કોટિ વંદન...**



**શ્રી ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળ (રાજ્ય મંડળ)**

સ્થાપના : તા.૭-૧-૧૯૭૯ ટ્રસ્ટ રજી.નં.એફ.૧૯૧ ભાવનગર

શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરૂકુળ કન્યા છાત્રાલય - સાવરકુંડલા - ૩૬૪૫૧૫

E-mail : rambhakt.svkd@gmail.com • http://www.rambhaktsvkd.org

પ.પૂ.શ્રી
લાલજી મહારાજ

## શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરૂકુળ કન્યાછાત્રાલય સાવરકુંડલાને વર્ષ - ૨૦૨૫/૨૬ માટે શ્રી લાલજી મહારાની જગ્યા સાયલાના મહંતશ્રી દુર્ગાદાસબાપુ તરફથી

# ૧૫૦ મણ ઘઉં, ૨૫ મણ ચોખાનું અન્નદાન

પ.પૂ.મહંતશ્રી
દુર્ગાદાસ બાપુ

પરમ કૃપાળુ પરમાત્મા શ્રી સીતારામજીની પૂર્ણ કૃપા સદ્‌ગુરૂદેવ શ્રી બજરંગદાસબાપાની સુક્ષ્મ સ્વરૂપે હાજરી દિવંગત પૂજ્ય શ્રી દયારામબાપા અને દિવંગત પૂજ્યશ્રી ધીરજરામબાપાના આશિર્વાદથી સાવરકુંડલા કન્યાછાત્રાલય ૩૫ વર્ષ નિર્વિઘ્ને પૂર્ણ કરી ૩૬માં વર્ષમાં પ્રવેશતા શ્રી લાલજી મહારાજની જગ્યા સાયલા (ભગતનું ગામ) ના મહંત પૂજ્યશ્રી દુર્ગાદાસબાપુને અગાઉ ફોન કરી અનુમતી મળતા સંસ્થાના પ્રમુખશ્રી અરૂણભાઈ દેવમુરારીએ સંકલન કરી તેમની સાથે રાજ્ય મંડળના ટ્રસ્ટીઓ શ્રી ઘનશ્યામબાપુ (રાઘવ), શ્રી અમરદાસબાપુ, શ્રી ડો.અશ્વીનભાઈ રામાનુજ , શ્રી મનીષભાઈ પિપાવત, શ્રી ધર્મેન્દ્રભાઈ પિપાવત, શ્રી રમેશભાઈ દેવમુરારી, શ્રી ડો.પ્રભુદાસ લશ્કરી કારોબારી સદસ્ય તા.૨૧/૦૬/૨૦૨૫ શનિવારના રોજ અમો સૌ ૧૧ કલાકે સાયલા પહોંચ્યા. ઘઉં માટે સાવરકુંડલાથી સ્પે. વાહન લેતા ગયેલા અમો સૌ સાયલા પહોંચી પ્રથમ ભગવાનના દર્શન કર્યા. બધાજ મંદિરોના ગર્ભગૃહમાં સિંહાસનોસોનાથી મઢાયેલા છે. મંદિરોની સ્વચ્છતા અને પૂજારીની સતત હાજરી સૌને પ્રસાદ અને મંદિરોની માહિતી આપતા જોઈ સૌ ખુશી થયા બાદ અમો સૌ પૂ.દુર્ગાદાસબાપુને મળ્યા, વંદન કર્યા વાહન પહોંચ્યા પછી ઘઉં ભરાવવાની સુચના કરી અમારા સૌનો પરિચય આપી રાજ્ય મંડળના ટ્રસ્ટીશ્રી ધર્મેન્દ્રભાઈ પિપાવત અમદાવાદથી તેમના મહારાજ સ્વીટની મીઠાઈ, ફરસાણ લાવેલા તે અર્પણ કર્યું. સાથે ભેટપૂજા કવર અને એક શિવજીનો મોમેન્ટો અને શાલ ઓઢાડી રાજ્ય મંડળના બધાજ ટ્રસ્ટીઓએ શાલ ઓઢાડી ભેટપૂજા આપી સન્માન કર્યું અને પોતાનો રાજીપો વ્યક્ત કર્યો, આપ બધા આવ્યા મને ગમ્યું. બાદ સૌને ભોજન પ્રસાદ લેવડાવ્યો. અમો ઘઉં માટે જ ગયા હતા પણ બાપુએ સામેથી ઘઉં સાથે ૨૫ મણ ચોખા પણ ગાડીમાં ભરાવી આપ્યા, બાદ અમોએ ત્યાંથી રજા લીધી. આમ છેલ્લા ૧૩ વર્ષથી બાપુ તરફથી લાલજીમહારાજની પ્રસાદી રૂપે ઘઉં આપે છે અને છાત્રાલયે પ્રતિવર્ષ એજ ઘઉંના લોટમાંથી પ્રથમ દિવસે લાપસી સાથે મગ, દાળભાત, શાક-રોટલી બનાવી લાલજીમહારાજના પ્રસાદનો થાળ ધરી લાલજીમહારાજની જૈ બોલાવી રસોડાની શરૂઆત થાય છે. અને વાલી સાથે બાળાઓ ભોજન કરે છે. આજ રીતે સદાસર્વદા બાપુનો પ્રેમ અને આર્શિવાદ મળતા રહે તેવી પરમાત્માને પ્રાર્થના સાથે સૌ ટ્રસ્ટીગણ અને છાત્રાબાળાઓ હૃદયથી પૂજ્ય બાપુનો આભાર માને છે.

સંકલન : ઘનશ્યામબાપુ (રાઘવ)

## શ્રી બજરંગદાસ બાપા રામાનંદ ગુરૂકુળ કન્યા છાત્રાલય સાવરકુંડલાને મિષ્ટભોજન તિથી યોજના અંતર્ગત રૂા.૩૦,૨૨૨/- બે તિથીનું દાન (મુંબઈ)

**સ્વ.અરૂણાબેન વિષ્ણુપ્રસાદજી નિમાવત** — સ્વ. તા.૨૯-૦૬-૨૦૨૪, જેઠ વદ-૮ — પૂણ્યતિથીઃ ૨૯ મી જૂન

**સ્વ.પંકજભાઇ વિષ્ણુપ્રસાદજી નિમાવત** — સ્વ. તા.૦૭-૦૬-૨૦૧૮ — પૂણ્યતિથીઃ જેઠ વદ આઠમ

બાવળા નિવાસી હાલ (મુંબઈ) શ્રી હિંમાશુભાઈ વિષ્ણુપ્રસાદજી નિમાવતના માતૃશ્રી સ્વ.અરૂણાબેન વિષ્ણુપ્રસાદજી નિમાવતની પ્રથમ પૂણ્યતિથી સવંત ૨૦૮૧ જેઠ વદ-૮ તેમજ શ્રી હિંમાશુભાઈ વિષ્ણુપ્રસાદજી નિમાવતના મોટાભાઈ સ્વ.પંકજભાઈ વિષ્ણુપ્રસાદજી નિમાવતની સાતમી પૂણ્યતિથી જેઠ વદ-૮ ના રોજ અમારા નિવાસ સ્થાને અમારા મોટાભાઈસ્વ.પંકજભાઈની તિથી અને પૂજ્ય બાની તિથી, તિથી પ્રમાણે એકજ દિવસે હોય, અમારા ઘરે ઉજવતા તે દિવસે અમોએ શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરૂકુળ કન્યા છાત્રાલય સાવરકુંડલાને યાદ કરેલ અને તેઓની પૂણ્યતિથી પ્રતિવર્ષ છાત્રાલયે ઉજવાય અને તે દિવસે છાત્રાબાળાઓને મિષ્ટભોજન આપવા માટે અમારા તરફથી સંસ્થાના દયાવિધી કાયમી નિભાવ ફંડ અંતર્ગત રૂા.૩૦,૨૨૨/-નું બે તિથીનું દાન મોકલીએ છીએ તો અમારા પૂજ્ય બાની તિથી તારીખ પ્રમાણે પ્રતિવર્ષ ૨૯મી જુને ઉજવી અને છાત્રાબાળાઓને મિષ્ટભોજન આપશો. તેમજ અમારા ભાઈની તિથી જેઠ વદ-૮ તિથી પ્રમાણે ઉજવશો અને છાત્રાબાળાઓને તે દિવસે મિષ્ટભોજન આપશો.

:: હસ્તે ::

શ્રીહિંમાશુભાઈ વિષ્ણુપ્રસાદજી નિમાવત
શ્રીમતિમનીષાબેન હિંમાશુભાઈ નિમાવત
ધ્યેય હિંમાશુભાઈ નિમાવત
(નિમાવત પરીવાર મુંબઈ)

પ્રેરણા : રામભક્ત મુખપત્ર
વિશેષ માર્ગદર્શન : અરૂણભાઈ દેવમુરારી (પ્રમુખશ્રી રાજ્યમંડળ)

**રૂા.૩૦,૨૨૨/-પ.નં. ૭૬૭૭ થી જમા મળેલ છે.**

# હાર્દિક અભિનંદન



## ડૉ.પલક અતુલભાઈ દેવમુરારી

**MBBS (Internship)**

ભુરખીયા દાદાની અસીમ કૃપા અને અમારાં માતા-પિતાનાં આશીર્વાદથી
અમારી સુપુત્રી ડૉ.પલક અતુલભાઈ દેવમુરારી Final MBBS (PIMS-Udaipur)
પાસ કરી ઈન્ટર્નશીપ ચાલુ થતાં તેમને ખુબ ખુભ અભિનંદન સહ આશિર્વાદ

:: શુભેચ્છક ::

ડૉ. અતુલ કાંતિલાલ દેવમુરારી
શ્રીમતી કવિતા અતુલભાઈ દેવમુરારી
કુ.હીર અતુલભાઈ દેવમુરારી
બાવા બિલ્ડર્સ - રાજકોટ મો.૯૮૨૫૨ ૩૫૨૩૮

રૂા.૩૦૦૦/-પ.નં. થી જમા મળેલ છે.

# Biodata

## Personal Details

**Name :**
Saurabh Chandreshbhai Agravat

**Date Of Birth :**
17 March 1996

**Height :**
5 feet 7 inches

**Education :**
Bachelor in Civil Engineering (Birla Vishwakarma Mahavidyalaya, Vallabh Vidyanagar)

**Occupation :**
Project Partnership at Aeris Engineering Pvt. Ltd. Ahemdabad

**Current Pursuit :**
Pursuing Civil Services

## Family Details

**Father :**
Chandreshbhai Harjivanbhai Agravat
(Native - Ajab, Current - Kesod)

**Father's Occupation :**
Rt.Govt. Teacher Swami Vivekananda Vinay Mandir, Junagadh

**Mother :**
Binduben Chandreshbhai Agravat

**Mother's Occupation :**
Rt.Mamlatdar & Executive Magistrate

**Siblings :** Single Child

**Uncle :**
Sureshbhai Harjivanbhai Agravat

**Uncle's Occupation :**
Junior Engineer, BSNL Kesod

**Aunty :**
Reenaben Sureshbhai Agravat (B.A.)

**Aunty's Occupation :** Homemaker

**Cousin Brother & Sister :**
Jeet Sureshbhai Agravat (B.Pharm)
Urvi Naishadh Nimbark (Msc. Bed Newzealand)

**Maternal Uncle (Mama) :**
Lalitbhai Hargovindbhai Kubavat
Mangrol Junagadh

## Contact Details

**Contact Number :**
Chandreshbhai - 9979287177
Sureshbhai - 9427569411

**Address :**
"Saurabh" Krishna Park, Opp. Dr Bhadala Clinic, Ajab Road, Kesod Dist Junagadh

**Partner Expectation :**
Looking for a Partner who is well Educated and Ambitious. who value Relation and have strong belief in core principles.

રૂ.૩૦૦૦/-પ.નં.૭૬૫૫ એકસીસ બેંકમાં જમા મળેલ છે.

## શ્રી બજરંગદાસ બાપા રામાનંદ ગુરુકૂળ કન્યા છાત્રલય સાવરકુંડલાને રૂા.૧૧,૦૦૦/-નું દાન

તા. ૨૧/૦૬/૨૫ શનિવાર યોગીની એકાદશી ના રોજ સાવરકુંડલાના સંસ્થાના ટ્રસ્ટીઓ પ્રમુખશ્રી અરૂણભાઈ દેવમુરારી મત્રીશ્રી મનીષભાઈ પિપાવત, પૂર્વ પ્રમુખશ્રી ઘનશ્યામબાપુ(રાઘવ), પૂર્વ પ્રમુખ ડો. અશ્વિનભાઈ રામાનુજ, પૂર્વ પ્રમુખ અમરદાસબાપુ, ટ્રસ્ટીશ્રી ધર્મેન્દ્રભાઈ પિપાવત, ટ્રસ્ટીશ્રી રમેશભાઈ દેવમુરારી કા.સ.ડો પ્રભુદાસભાઈ લશ્કરી અમો સૌ લાલજી મહારાજની જગ્યા સાયલા ઘઉં લેવા માટે ગયેલા ત્યાંથી નજીક લીંબડી મુકામે આપણા નિમ્બાર્ક સંપ્રદાયની પીઠ છે અને ત્યાં સ્વયંભુ ચત્રભુજ ભગવાનનું નૂતન મંદિર બન્યું છે સૌને દર્શન કરવાની ઈચ્છા થઈ તેથી લીંબડી અમે બે વાગ્યે પહોંચ્યા મંદીર બંધ હતું, તેથી બહારથી દર્શન કર્યા ત્યાંના નવમાં આચાર્ય પીઠાધીશ મહામંડલેશ્વર પુજયશ્રી લલીત કિશોરશરણદાસજી મહારાજ (પૂ.લાલદાસબાપુ ને) જાણ થતા તેઓ આરા માંથી તરત જ આવ્યા અમે સૌએ વંદન કર્યા સાથે સૌએ શાલ ઓઢાડી, સૌએ ભેટપૂજા આપી બાપુનું સન્માન કર્યું. સૌને પ્રેમથી બાપુએ આવકાર્યા બપોરનો સમય હતો તેથી ત્યાંની બનાવટનો આઈસ્ક્રીમ મંગાવી ખવડાવ્યો. બાદ થોડી સંસ્થાની ગતીવિધીથી માહીતગાર કર્યા અને સાવરકુંડલા પધારવા કહ્યુ આગામી કાર્યક્રમમાં જરૂર આવીશ તેવું વચન આપ્યું બાદમાં અમોને સૌને તેમના સ્વહસ્તે પાંચ મીટર વ્હાઈટ સારી કવોલીટીનું કાપડ આપી આશિર્વાદ આપ્યા રાઘવબાપુને શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરુકૂળ માટે રૂા.૧૧,૦૦૦ નું કવર આપ્યું પોતાનો રાજીપો વ્યકત કર્યો અમો પણ આપણા સંપ્રદાયની સૌરાષ્ટ્ર નિમ્બાર્ક પીઠના આચાર્ય મહામંડલેશ્વરની આટલી સરળતા અને પોતીકાપણાથી રાજી થયા બાપૂ પણ આ સંસ્થાના વહીવટી કાર્ય થી ખુબ જ રાજી છે અને આપણી ૩૫ વર્ષથી ચાલતી નિર્વિવાદ સંસ્થાનો બીજાને દાખલો આપે છે અને સાવરકુંડલા બાજુનો તેમનો કોઈ કાર્યક્રમ હોય તો રાતવાસો સાવરકુંડલા સંસ્થામાંજ કરે છે અને ત્યાંના ટ્રસ્ટીઓને રાજી કરે છે આજે અમારા સૌના સન્માનથી અમો બાપૂના હૃદયથી આભારી છીએ અને અમારા સૌની ઉપર આવી જ કૃપા બની રહે તેવી મહેચ્છા સાથે ભૂલમાં હોઈએ ત્યારે અમારો કાન પણ પકડે તેવી પ્રાર્થના. સાથે વિનંતી. **સંકલન : ઘનશ્યામબાપુ (રાઘવ)**

## શ્રી બજરંગદાસ બાપા રામાનંદ ગુરુકૂળની કન્યા છાત્રલય સાવરકુંડલાને વર્ષ ૨૫/૨૬ માટે તુવેરદાળ ૧૫૦ કીલોનું અન્નદાન

શ્રી સીતારામજી મહારાજની પૂર્ણ અનુકંપા સદ્‌ગુરુદેવ શ્રી બજરંગદાસબાપા ની સુક્ષ્મ સ્વરૂપે હાજરી અને સંતોના આશિર્વાદ થી છાત્રલયનું ૩૬મું વર્ષ શરૂ થઈ ગયું છે. તેની શરૂઆત માંજ છાત્રબાળાઓને સાત્વીક ભોજન મળી રહે તે માટે છેલ્લા દસ વર્ષથી જોઈતી તુવેરદાળના દાતા ભાવનગરથી નીતાબેન યતિન કુમાર રામાનુજ તરફથી તા.૧/૦૫/૨૫ ના રોજ ભાવનગરથી ટ્રાન્સપોર્ટ દ્વારા શીવલીંગ તુવેરદાળના ૩૦ કીલોના ૫ કટ્ટા (૧૫૦ કીલો) મળેલ છે (કીંમત રૂા. ૧૮૦૦૦ અઢાર હજાર)બહેને નામ જાહેર કરવાની ના કહેલી પછી આ દસમાં વર્ષમાં એમનું નામ આપેલ છે અન્ય સદ્‌ગૃહસ્થી ને પ્રેરણા મળે તે માટે રાજયમંડળ ટ્રસ્ટી ગણ અને છાત્રલય પરિવાર બહેનનો હૃદયથી આભાર માને છે.

પ્રેરણા : ડો. અશ્વિનભાઈ રામાનુજ પુર્વ પ્રમુખ અને ટ્રસ્ટી

## શ્રી બજરંગદાસ બાપા રામાનંદ ગુરુકુળ કન્યા છાત્રાલય સાવરકુંડલાને વર્ષ ૨૫/૨૬ માટે ઓર્ગેનીક ગોળ ડબા ૩ કિલો ૪૫ નું દાન

માંડણપરા નિવાસી ફોરેસ્ટ ડીપાર્ટમેન્ટમાં સર્વિસ કરતા જ્ઞાતી હિતેચ્છુ શ્રી રાધેશ્યામભાઈ પોપટદાસ નિમાવત તરફથી શ્રી બજરંગદાસ બાપા રામાનંદ ગુરુકૂળ કન્યા છાત્રાલય સાવરકુંડલાને ભોજનમાં વપરાશ માટે ઓર્ગેનિક ગોળ ૩ ડબા કીલો ૪૫ મોકલી આપેલ છે.

પ્રેરણા : ભાવેશભાઈ દેવમુરારી (વિશાવદર)

દાતાશ્રી રાધેશ્યામભાઈ નિમાવત અને પ્રેરણા આપનાર
શ્રી ભાવેશભાઈ દેવમુરારીનો સંસ્થાના ટ્રસ્ટીઓ અને
છાત્રાબાળાઓ હૃદયથી આભાર માને છે.

સોસાયટી એક્ટ રજી નં. ગુજ/૨૪૨ ટ્રસ્ટ રજી. નં. એફ, ૧૯૧ ભાવનગર

પરમ પૂજ્ય શ્રી દયારામબાપા પ્રેરીત

શ્રી ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળનું

# રામભક્ત

માસિક મુખપત્ર

**માલિક**

શ્રી ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળ
શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરૂકુળ
કન્યા છાત્રાલય – સાવરકુંડલા
જિ.અમરેલી (ગુજરાત) ૩૬૪૫૧૫

**તંત્રી/પ્રકાશક**

શ્રી ભાનુપ્રસાદ ડી.રામાનુજ
ટ્રસ્ટીશ્રી,ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળ

**પ્રમુખશ્રી**

અરૂણભાઈ ડી.દેવમુરારી – સાવરકુંડલા
મો.૯૪૨૭૪૯૧૦૦૬

**મહામંત્રી**

મનીષભાઈ આઈ.પિપાવત – કારિયાણી
મો.૯૮૨૪૪૮૩૭૧૨

**પ્રકાશન સ્થળ**

રામભક્ત કાર્યાલય
શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરુકુળ કન્યા છાત્રાલય
સાવરકુંડલા – ૩૬૪૫૧૫

**મુદ્રક**

**હરિ:ૐ ઓફસેટ** પાળિયાદ રોડ,બોટાદ ફોન : ૯૯૨૪૨ ૧૯૧૯૭

અધિક્ષકશ્રી : શ્રી ઘનશ્યામબાપુ (રાઘવ)-સાવરકુંડલા
મો.૯૪૨૬૯ ૭૦૩૭૩
સહતંત્રીશ્રી : શ્રી ભરતભાઇ જે. નિમાવત - વિસાવદર
મો.૯૯૭૮૨ ૩૧૩૫૧
સંપાદકશ્રી : શ્રી ડૉ.અશ્વિનભાઇ પી. રામાનુજ
મો.૯૪૨૬૨ ૨૮૦૯૮
સહસંપાદકશ્રી : શ્રી પ્રતાપભાઈ એલ.દેવમુરારી - બાબરા
મો.૯૪૦૯૩ ૩૨૧૬૫
વ્યવસ્થાપકશ્રી : શ્રી હિતેન્દ્રભાઈ એ.નિમ્બાર્ક - સાવરકુંડલા
મો.૯૪૨૬૯ ૯૯૭૧૮

**: પ્રચાર મંત્રીશ્રીઓ :**

મનહરભાઈ એન.દેવમુરારી - શિહોર મો.૯૯૨૫૯૩૭૫૧૫
રશ્મીનભાઈ સી.અગ્રાવત - સુરત મો.૯૦૯૯૮૪૬૨૦૮
સમીરભાઈ આઈ.લશ્કરી - ભાવનગર મો.૯૮૭૭૩૭૩૮૩૯

**: પેટા કાર્યાલય :**

- **શ્રી ભાનુપ્રસાદ ડી.રામાનુજ - બોટાદ**
  વિશ્વપ્રેસ, એમ.ડી. સ્કૂલ સામે, અશોક વાટિકા સોસાયટી, પાળિયાદ રોડ, બોટાદ. મો.૯૯૭૪૦૫૩૬૫૩
- **શ્રી ડૉ.અશ્વિનભાઇ પી. રામાનુજ - પાલીતાણા**
  ૧૦, ગુ.હા.બોર્ડ કોલોની, ચિત્રકુટ, હવામહેલ રોડ, મું.પો.પાલીતાણા, જિ.ભાવનગર મો.૯૪૨૬૨૨૮૦૯૮
- **શ્રી અશોકભાઇ જે. રામાનુજ - સુરત**
  મુ.કામરેજ (સુરત) શ્રૃષ્ટી રેસીડેન્સી, બ્લોક નં.૧૬, મારૂતીનગરની બાજુમાં, કામરેજ ચાર રસ્તા, સુરત. મો.૯૪૦૮૫૨૮૭૪૭
- **શ્રી રઘુવીરભાઇ એમ. રામાનુજ - જોરાવરનગર**
  લાઇબ્રેરી પાસે, મું. જોરાવરનગર, જિ.સુરેન્દ્રનગર - ૩૬૩૦૦૨ મો.૯૬૬૨૫૪૫૦૫૬
- **શ્રી ઘનશ્યામભાઈ આર.નિમાવત - મોરબી**
  ઋષભનગર ૩ પ્લોટ નં.૬૫,ચબુતરા પાસે,મોરબી મો.૯૯૨૫૫ ૬૫૮૫૬



**પત્ર વ્યવહારનું સરનામું :- રામભક્ત કાર્યાલય, શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરૂકુળ કન્યા છાત્રાલય, ઉતાવળા હનુમાનજીની જગ્યા પાસે, મહાકાળી ચોક, હાથસણી રોડ,**
**9409851251 મું.પો.સાવરકુંડલા. જી.અમરેલી - ૩૬૪૫૧૫. મો.નં. : ૬૩૫૩૮૯૦૧૯૬, ૦૨૮૪૫-૨૯૯૩૦૦**

E-mail : rambhakt.svkd@gmail.com



**લવાજમ દરો...**
ભારતમાં વાર્ષિક રૂા.૩૦૦/- મુદતી ૧૦ વર્ષ રૂા.૨૫૦૦/- છુટક કિંમત રૂા.૩૦/-
કુરીયર સેવા - ચાર્જ : સૌરાષ્ટ્ર / ગુજરાત : ૨૦૦/- વાર્ષિક
કુરીયર ચાર્જ : અન્ય રાજ્યમાં : ૩૦૦/- વાર્ષિક

**સંસ્થાને 80-G હેઠળ કરમુક્તી મળેલ છે.**
80G No. : AAFTS4033AF20224


## બેન્ક એકાઉન્ટમાં નાણા જમા કરાવવા બાબત

શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરૂકુળ કન્યાછાત્રાલય અને **રામભક્ત** મુખપત્ર માટે લવાજમ ભેટ, તિથીદાન કે કોઈપણ પ્રકારની ભેટ મોકલવા માટે બેન્કનો ઓનલાઈન ઉપયોગ કરી કોઈપણ પ્રકારના ચાર્જ વગર આપના નાણા સીધ્ધા બેન્કમાં જમા કરાવવા માટે **એક્સીસ બેન્ક** અથવા **એસ.બી.આઇ. બેન્ક**ની કોઈપણ શાખામાં **શ્રી ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળ**ના નામે નીચેના ખાતા

| | | |
|---|---|---|
| ૧. એક્સીસ બેન્ક - સાવરકુંડલા | ખાતા નં. : ૯૧૮૦૧૦૦૪૦૮૬૬૩૩૫ | IFSC : UTIB0002649 |
| ૨. એસ.બી.આઇ. બેન્ક - સાવરકુંડલા | ખાતા નં. : ૬૬૦૧૫૯૩૫૦૮૫ | IFSC : SBIN0060013 |



જે વ્યકિત પોતાને Control કરી શકે છે. તે જીવનમાં કંઈપણ કરી શકે છે.

# તંત્રીની કલમે.....



## આત્મીય જ્ઞાતિબંધુ એવં વાચક વર્ગ.....
## નમસ્કાર સહ સૌને જય સિયારામ સાથ

અષાઢ માસ એટલે ભક્તિનો માસ, રથયાત્રા, દેવશયની એકાદશી, જયા પાર્વતી, મોળાવ્રત અને ગુરૂપૂર્ણિમા જેવા અનેક તહેવારો આવે જેમા આજે ગુરૂપૂર્ણિમા વિષે વાતો કરીએ -

તો ગુરૂપૂર્ણિમાને વ્યાસપૂર્ણિમા પણ કહેવાય છે. જેમ કે મહાભારતના રચયિતા મહર્ષિ વ્યાસજી છે. પરાશર ઋષિ અને મત્સગંધા (સત્યવતી)ના પુત્ર વ્યાસનો જન્મ યમુના નદીના એક દ્વિપ પર માગશર સુદ પૂર્ણિમાના રોજ થયેલો જેથી **વ્યાસ પૂર્ણિમા પણ કહેવાય છે.** જેમણે ગુરૂ શિષ્ય પરંપરા વિષે તેમજ માનવ તરીકે, જીવન જીવવાનું શીખવેલ છે. તો ભારતિય ગુરૂ પરંપરામાં મુખ્યત્વે ગુરૂકુળ કે શિક્ષા સંસ્થાનનમાં શિક્ષણ આપનાર શિક્ષક કેન્દ્ર સ્થાને ગણાય. ગુરૂ-શિષ્ય પરંપરાનો આરંભ પ્રાચિન ઉપનિષદોથી થાય છે. રામાયણ મહાભારત કાળમાં વાલ્મિકી, વ્યાસ, વશિષ્ઠ, વિશ્વામિત્ર જેવા શિક્ષકો ગુરૂ પદ પામે છે. શિષ્યની વિટંબણાઓ દૂર કરીને સાચાં માર્ગે વાળે છે. શ્રીકૃષ્ણે અર્જુનનો મોહ દૂર કરી કર્તવ્ય પરાયણ કર્યા. તેમજ પાછળના સમયમાં અનેક સંપ્રદાયો, પંથો, મઠો વિ. અસ્તિત્વમાં આવતા જે તે સંપ્રદાયોમાં શિષ્યોને દીક્ષિત કરનાર "દિક્ષાગુરૂ"નો એક વર્ગ અસ્તિત્વમાં આવ્યો.

દેવોના ગુરૂ બ્રહસ્પતિ તો અસુરોના ગુરૂ શુક્રાચાર્યજી, જનકના ગુરૂ યાજ્ઞવલ્ક્ય અને શંકરાચાર્યના ગૌડપદાચાર્ય તેમજ. ગુરૂ શ્રી રામાનંદાચાર્યજી મહારાજના ગુરૂ શ્રી રાઘવાનંદાચાર્યજી હતા. કબીરના ગુરૂ રામાનંદાચાર્યજી આમ ગુરૂ-શિષ્યના સબંધો આજીવન હતા. **ગુરૂ સૃષ્ટિના જ્ઞાનનું દર્શન કરાવે જ્ઞાન આપે પરંતુ સદ્‌ગુરૂ જીવન જીવવાની કળા શિખવાડી કલ્યાણ કરે છે.** જોકે ગુરૂ સદ્‌ગુરૂ એક જ હોઈ શકે, ઘણી વખત નીજી સ્વાર્થ ખાતર સંપ્રદાયોના કહેવાતા ગુરૂઓ જુદા પાડે છે. ખેર ! મૂળવાત આવા **સદ્‌ગુરૂ હોય કે દીક્ષાગુરૂનું ઋણ ચૂકવવાના પ્રયાસનો શુભ દિવસ એટલે ગુરૂપૂર્ણિમા.** ખરેખર તો સદ્‌ગુરૂના હરહંમેશ સંપર્કમાં રહેવાથી તેમની આજ્ઞાનુસાર કર્તવ્ય પરાયણ થવાથી સહેજે શિષ્યનું કલ્યાણ થાય છે. ગુરૂ-શિષ્યના સબંધનું ઉત્કૃષ્ટ ઉદાહરણ શ્રીકૃષ્ણ અને અર્જુન છે. જ્યારે અર્જુન શ્રીકૃષ્ણને ગુરૂ તરીકે સ્વીકારે છે, પછી તેને કર્મયોગ - અનાસક્ત યોગ વિ.ઉપદેશ આપી તેનું કલ્યાણ કરે છે.

સદ્‌ગુરૂ શિષ્યને શું આપે છે ? અને શિષ્યે સદ્‌ગુરૂને શું આપવાનું હોય છે ? **સદ્‌ગુરૂ શિષ્યને મંત્ર આપે છે અને સાચો શિષ્ય સદ્‌ગુરૂને મન અને મતિ આપે છે.** સિધ્ધ અવસ્થામાં આપણા દેશના અનેક સદ્‌ગુરૂએ પોતાના શરીરનો ખ્યાલ નથી રાખ્યો, પોતાના શરીરની બેદરકારી રાખી છે એટલે શિષ્ય અને ગુરૂ વચ્ચે એ વાત પણ હોવી જોઈએ કે, શિષ્યનું કર્તવ્ય છે કે, સદ્‌ગુરૂના શરીરને સંભાળે અને ગુરૂનું કર્તવ્ય છે કે, શિષ્યના મન-મતિનો ખ્યાલ રાખી કલ્યાણનો માર્ગ બતાવે (જરૂર પડે તો શિક્ષા પણ આપે) **એટલે શિષ્ય ગુરૂના તનની સંભાળ રાખે અને ગુરૂ શિષ્યના મનની સંભાળ રાખે. ધ્યાન દેજો આમા ધનની વાત વચ્ચે આવી જ નથી !**

**ગુરૂજનોના શ્રેયકર વચનો પથ્થરની લકીર સમાન હોય છે. તે કદિ પણ પોતાના શિષ્યનું અહિત થવા ન દે. કડવા વચન કદિ કડવા હોતા નથી. શિષ્ય અને ગુરૂ જેવો પવિત્ર સબંધ વિશ્વમાં બીજો કોઈ નથી.** બસ આપણે ગુરૂના બની જવું જોઈએ. તેમના **મંત્ર ઉપર ભરોસો રાખી તેમનો કદિ પણ દ્રોહ કરવો નહીં જેથી બેડો પાર !** જીવમાંથી શીવ બનાવી દે છે. તો ચાલો સૌ સૌના ગુરૂજીની વંદના કરી તેમના ઋણમાંથી ઉગરવાનો શુભ પ્રયત્ન કરીએ.

છેલ્લે :- **અમદાવાદમાં બોઈંગ વિમાનની દુર્ઘટનામાં તેમજ કેદારનાથમાં હેલીકોપ્ટર ક્રેશ થતાં મૃત્યુ પામેલાના આત્માને શ્રી રાઘવેન્દ્ર સરકાર અવં હનુમાનજી મહારાજ શાંતિ અર્પે તેવી રામાનંદી સાધુ સમાજ પ્રાર્થના કરે છે. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ**

**તંત્રી...**



યોગની સરળ વ્યાખ્યા : પ્રેમ, શાંતિ, અને ખુશીનો શ્વાસ અંદર નકુશી, ગુસ્સો અને ઈર્ષાનો શ્વાસ બાહર

# ● શ્રી ગઢડા તાલુકા રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળ આયોજીત ●

## ●●● તેજસ્વી તારલા ઈનામ અને નોટબુક વિતરણ તથા વાર્ષિક સંમેલન કાર્યક્રમ ●●●

આજરોજ તા.૮/૬/૨૫ ને રવિવારના સવારનાં ૯:૦૦ કલાકથી સીંધી સમાજની વાડી - ઢસા (જં.) ખાતે ગઢડા તાલુકા રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળ દ્વારા તેજસ્વી તારલા ઈનામ અને નોટબુક વિતરણ તથા વાર્ષિક સંમેલન કાર્યક્રમ યોજાયો.

સવારના ચા-પાણીના સ્વાગત સાથે સંતો, મહંતો અને મહેમાનોની હાજરી વચ્ચે બહોળી સંખ્યામાં જ્ઞાતિજનોની ઉપસ્થિતીમાં પ.પુ. સીતારામબાપુ (સાત હનુમાનજી આશ્રમ - રળિયાણા) તથા પ.પુ. અવધવિહારીદાસ બાપુ - કુંડળ તથા રાજ્ય મંડળમાંથી પ્રમુખ શ્રી અરૂણભાઈ દેવમુરારી તથા કન્યા છાત્રાલય સાવરકુંડલાથી પુ. રાઘવબાપુ તથા રામસેતુ ચેરી. ટ્રસ્ટના પ્રતિનિધીઓ તથા કથાકાર શ્રી વિશ્નુદાસ બાપુ તથા ગઢડા તાલુકા મંડળના ભિષ્મ પિતામહ સમાન પુ. આશારામભાઈ વગેરે અગ્રણીઓના હસ્તે દિપ પ્રાગટ્ય કરી. સ્તુતિ - વંદના કરવામાં આવી.

પ.પુ. સંતો અને મહાનુભાવો દ્વારા જ્ઞાતિના દિકરા - દિકરીઓના શિક્ષણના સ્તર અને અસમતુલા અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી. સંતોએ અંતરની અમીરાત સાથે આગળ શૈલીમ આર્શીવચન આપ્યા. સાથે ઈનામના દાતાશ્રીઓ દયારામભાઈ નિમ્બાર્ક, દિલીપભાઈ લશ્કરી, ભરતભાઈ દેવમુરારી તથા નોટબુકના દાતા શ્રી સ્વ.તુલસીદાસબાપુ નિમાવત પરીવાર, ઢસા(જં) સાધુ સમાજ, શ્રી જગદીશભાઈ લશ્કરી તથા સ્વ. નેહાબેન મહેશભાઈ સિંધ અને કંકોત્રી આમંત્રણ પત્રીકાના આજીવન દાતા શ્રી મનોજભાઈ આચાર્યના સહકારશ્રી ગઢડા તાલુકાના તેજસ્વી તારલા (ધો.૧ થી ધો.૧૨)ના પ્રથમ, દ્રિતિય અને તૃતિય સ્થાન પ્રાપ્ત કરેલ વિદ્યાર્થીઓને સંતો - મહંતો તથા દાતાશ્રીઓના વરદ હસ્તે પ્રોત્સાહિત કરી ઈનામ - નોટબુક વિતરણ કરવામાં આવ્યું. મંડપ સર્વિસને લગતી તમામ સેવા વિપુલભાઈ રામાવત તરફથી નિઃશુલ્ક આપવા માં આવી. ઈનામ વિતરણનું સંકલન વિનુભાઈ રામાવતે કર્યું.

આ સાથે વર્તમાન પ્રમુખ શ્રી ભરતભાઈ દેવમુરારી તથા આશારામભાઈ રામાનુજે નિવૃત્તિ જાહેર કરતા તેમને સહ મેહમાનો અને સંતો દ્વારા સન્માનિત કરી શુભેચ્છા - આર્શીવચન આપવામાં આવ્યા. આ તકે પું આશારામભાઈ રામાનુજ દ્વારા ગઢડા મંડળને રૂા.૫૦૦૧=૦૦ (પાંચ હજાર એક) જેવી માતબર ધનરાશીનું અનુદાન આપી જ્ઞાતી વડિલ તરીકેની સેવા નિવૃત્તિમાં સોનામાં સુગંધ ભેળવી ચીરંજીવી બનાવી.

ગઢડા મંડળ અને જ્ઞાતિના વિકાસ કાર્યોને વેગ આપવા ત્યારબાદ સર્વાનુમતે નવા પ્રમુખ શ્રી જીતેન્દ્રભાઈ મોજીરામભાઈ રામાનુજની વરણી તથા સહ સમાજે હર્ષની લાગણીથી વધાવી લીધા. અને તેમને મહેમાનો - સંતો - પૂર્વ હોદ્દેદારો દ્વારા ભાવ પુર્વક સન્માનિત કરવામાં આવ્યા. ત્યારબાદ જુની કારોબારી બરખાસ્ત કરી નવી કારોબારી રચના કરવામાં આવી. જેમાં મંત્રી શ્રી વિપુલભાઈ રામાવત (ઢસા જં.)ની નીયુક્તી કરવામાં આવી ઉપપ્રમુખ તરીકે રમેશભાઈ (ગઢાળી) તથા વિપુલભાઈ(લાખણકા)ની નીમણુક થઈ. ખજાનચી તરીકે સુરેશભાઈ દેવમુરારી (માલપરા)નું સભ્યો દ્વારા જાહેર થયું.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન જીતેન્દ્રભાઈ રામાનુજ તથા રાજુભાઈ (માંડવા) દ્વારા કરવામાં આવ્યું. ઢસા(જં)ના રામાનંદી યુવા ગ્રુપે કાર્યક્રમને સફળ બનાવવામાં ભારે જાહેમત ઊઠાવી. કાર્યક્રમને સફળ બનાવ્યો. અંતમાં નિવૃત્ત થતા મંત્રીશ્રી નરેશભાઈ રામાવત દ્વારા સર્વે સંતો - મહંતો - મહેમાનો - જ્ઞાતિજનોનો આભાર માની બપોરનો મહાપ્રસાદ સાથે લઈને આ કાર્યક્રમ પૂર્ણ જાહેર કરવામાં આવ્યો.

જીતેન્દ્ર મો. રામાનુજ પ્રમુખશ્રી — વિપુલ ર. રામાવત મંત્રીશ્રી

ગઢડા તાલુકા રામાનંદી સાધુસમાજ ઉત્કર્ષ મંડળ - ઢસા(જં.)


શ્રી ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળ - સાવરકુંડલા

**સંસ્થાને 80-G હેઠળ કરમુકતી મળેલ છે.**

**80G No. : AAFTS4033AF20218**

સંસ્થાને દાન આપનાર દાતાને 80-G મુજબ કરમુકતી મળશે.

॥ શ્રી ગણેશાય નમઃ ॥

# ગુરુપૂર્ણિમા અષાઢ સુદ ૧૫ ગુરૂવાર તા ૧૦/૭/૨૦૨૫

## ● ગુરૂ શિષ્યનું પવિત્ર મિલન એટલે ગુરૂપૂર્ણિમા ●

**ભક્તિ ભક્ત ભગવંત ગૂરૂ ચતુર નામ બપુ એક । ઈન્કે પદ વંદન કરૂ નાસત વિધ્ધન અનેક ॥**

**શ્રીમદ્ એકનાથી ભાગવત, માં ગુરૂ સેવાનો મહિમા જણાવતાં કહે છે:**

ગુરૂસેવા કરતાં કરતાં રાજા અંબરીષ ભવપાર થઈ ગયા. એટલું જ નહી, એમના માટે ભગવાનને ગર્ભવાસની પીડા પણ સહેવી પડી, પોતાના ભકતને એમણે સંસારની વ્યથા ન થવા દીધી. ગુરૂસેવા એટલી મહાન છે! તેઓ કહે છે.

આજ પ્રમાણે ગુરૂની સેવા કરતાં કરતાં ભકત પ્રહલાદ દ્રંદ્રાતીત થઈ ગયા અને નારદજી પરબ્રહમાથી એકત્વ પ્રાપ્ત કરીને સ્વ - આનંદમાં નાચતાં -ગાતા દેવ-દાનવોમાં વિચરણ કરે છે.

**ગુરૂનાં શ્રી ચરણોમાં જેમની દ્રઢ નિષ્ઠા હોય છે.** એમની મનોકામના ભગવાન પૂર્ણ કરે છે. એટલું જ નહી, સ્વયં ભગવાન પણ ગુરૂની આજ્ઞામાં ચાલે છે અને ગુરૂઆજ્ઞાથી જડ, મૂઢ-બધાનો ઉધ્ધાર કરે છે. કોઈ કેટલો મૂર્ખ હોય, કેટલો પણ પાપી હોય, પરંતુ ગુરૂ સેવામાં લીન રહે છે, ગુરૂની આજ્ઞામાં ચાલે છે તો એ તરી જાય છે.

**ગુરૂ અને બ્રહ્મ-** બંને સમાન છે પરંતુ આ ઉપમા પણ કંઈક ઓછી છે. ગુરૂનાં (જ્ઞાન-વિજ્ઞાન યુકત) ઉપદેશ-વચનોથી જ બ્રહ્મ ને બ્રહ્મત્વ પ્રાપ્ત થાય છે અદ્વૈત દ્રષ્ટિથી સદ્ગુરૂ બ્રહ્મ સમાન છે.

**ગુરૂ અને બ્રહ્મ એક છે એમ બોલવું પણ પૂર્ણ નથી.** કેમકે ગુરૂથી જ બ્રહ્મની ખબર પડે છે. બ્રહ્મ તો દેખાતો નથી, બોલતો નથી, આપણે સમજી નથી શકતા પરંતુ ગુરૂ બ્રહ્મરૂપમાં સામે દેખાય છે, હાલી-ચાલી-બોલીને આપણો વિકાસ કરે છે. ભગવાન ને આપણે જે ભાવનાથી ભજીએ છીએ એવું ફળ આપે છે.પરંતુ ગુરૂ આપણી ભાવના અનુસાર નહિ, પોતાની કૃપાથી, પોતાનન પ્રેમથી એવું ફળ આપે છે, કે જીવન સફળ થઈ જાય છે, સર્વાંગી વિકાસ થઈ જાય છે.

**ભગવાન તો કહે છેઃ યે યથામાં પ્રપર્ધન્તે તાંસ્તથૈવ ભજામ્યહમ્ ।** (ગીતાઃ૪.૧૧) જે મને જેમ ભજે છે, હું એને એવું જ ફળ આપું છું પરંતુ ગુરૂ કહે છે કે **'એ ભજે કે ન ભજે...' ગુરૂની દ્રષ્ટિ પડે છે તો બધાનું કલ્યાણ કરે છે.**

તમે જેવું ચાહો એવું નહિ, તમારૂં કોઈ પણ રીતે, બધા પ્રકારથી કલ્યાણ થાય. ગુરૂ જાણે છે કે હું પણ એવો જ હતો અને સંસારમાં કેવું દુઃખ છે ? એની શું શું તકલીફો છે ? એની શું શું યોગ્યતાઓ છે ? તો ગુરૂ એમ નથી વિચારતા કે 'જયારે એની યોગ્યતા બનશે ત્યારે હું કલ્યાણ કરીશ' **ના...ના... માતા એમ થોડું વિચારે છે કે બાળક નાહી-ધોઈને શુધ્ધ થઈને આવે ત્યારે હું એને સ્તનપાન કરાવીશ.** નાક સાફ કરીને આવે ત્યારે, હું એને છાતીએ લગાડીશ. માતા એ વિચારે છે કે 'મારો પુત્ર છે, બસ મારો છે.' એમજ ગુરૂ અપનાવી (પ્રેમથી) બધાનું મંગળ કરે છે. તો આવો આપણે પણ આપણા ગુરૂ મહારાજ ના શરણે જઈને ગુરૂપૂર્ણિમાનો લાભ લઈએ

**- જયગુરૂરામ મહંતશ્રી શામળદાસબાપુ સુરત - મો.૯૪૨૬૯ ૪૧૦૭૦**

---



રૂ.૧૫,૦૦/- પ.નં. ૭૩૨૮ થી SBI બેંકમાં જમા મળેલ છે.

## સેંદરડા ( વેવિશાળ પ્રસંગ ) માંડળ

જયસીતારામ સાથ સેદરડા નિવાસી પૂજારીશ્રી અગ્રાવત મનસુખદાસ રામદાસ ના સુપુત્ર **ચિ.આકાશ** નું વૈવિશાળ માંડળ નિવાસી લશ્કરી અરવિંદભાઈ ગોવિંદરામજી ની સુપુત્રી **ચિ.પાયલ** સાથે તા ૨૨/૫/૨૫ ગુરુવારે યોજાતા સૌ સગા સબંધી તરફથી કન્યા છાત્રાલયને નીચે મુજબ ભેટ મળેલ છે.

| | | |
|---|---|---|
| ૫૦૧/- | અગ્રાવત મનસુખલાલ રામદાસ | સેદરડા |
| ૨૦૧/- | લશ્કરી અરવિંદભાઈ ગોવિંદરામ | માંડળ |
| ૧૦૦/- | અગ્રાવત માધવદાસ રામદાસ | મહુવા |
| ૧૦૦/- | અગ્રાવત બંસીદાસ મથુરદાસ | સુરત |
| ૧૦૦/- | પટાર ભાદાભાઈ ટીડાભાઈ | હિંડોરણા |
| ૧૦૦/- | લશ્કરી કલ્પેશભાઈ બાબુભાઈ | માંડળ |
| ૧૦૦/- | લશ્કરી કાળીદાસ ગોવિંદરામ | માંડળ |
| ૧૦૦/- | દેવમોરારી ભરતકુમાર બી. | ઘેટી |
| ૧૦૦/- | ભરતભાઈ તુલસીદાસ | માંડળ |
| ૫૦/- | દેવમોરારી ભગવાનદાસ દુર્લભરામ | ભાવનગર |
| ૫૦/- | નિમાવત હસમુખરામ ધ્વારકાદાસજી | હિંડોરણા |
| **૧૫૦૨/-** | હ.માધવદાસ આર.અગ્રાવત - કન્વીનર,મહુવા | |

# સાદર ભદ્રોત્સવ પ્રસંગ



જય સીયારામ, હાલરીયા તા.બગસરા નિવાસી સંજયભાઈ અને નરેશભાઈના પિતાશ્રી તેમજ પ્રખર રામાયણી શ્રી રમણીકબાપુ અને જયસુખભાઈના મોટાભાઈ પૂજ્ય કાંતીદાસબાપુ કાનદાસજી દેવમુરારીનું ચૈત્ર વદ-૧ (એકમ) ને તા.૧૩/૦૪/૨૦૨૫ના રોજ શ્રી ચરણોમાં સાકેતવાસી ગમન કરેલ છે. તેમના દિવ્ય આત્માના કલ્યાણાર્થે દેવમુરારી પરીવાર હાલરીયા તરફથી ચૈત્ર વદ અગિયારસને તા.૨૫/૦૪/૨૦૨૫ના રોજ વિશાળ સગા-સ્નેહી, પૂજ્ય સંતો અને સેવકગણો અને ગ્રામજનોની ઉપસ્થિતીમાં હાલરીયા મુકામે ભવ્ય ભદ્રોત્સવનું આયોજન કરવામાં આવેલ અને શીવજીના મંદીરેથી વિશાળ જનસંખ્યા સહ સંતોના સામૈયા કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં પૂજ્ય ઘનશ્યામબાપુ (રાઘવ) સાવરકુંડલા તથા શ્રી અરૂણભાઈ દેવમુરારી (પ્રમુખશ્રી રાજ્ય મંડળ), શ્રી પૂજ્ય રતીદાદા (ગાયત્રી મંદિર, ચલાલા), દલપતરામબાપુ (દિપક દર્શન પાવન ધામ, ધારી) અને હરીગરબાપુના આશ્રમના સંતશ્રી તેમજ અન્ય સંતો-મહંતો વિગેરે ઉપસ્થિત રહી સદ્‌ગત સ્વ.પૂજ્ય કાંતીદાસબાપુને શ્રધ્ધાંજલી આપેલ. આ તકે પૂ.રમણીકબાપુ રામાયણી શ્રી દ્વારા પધારેલ સંતો-મહંતો અને અગ્રણીઓ, મહેમાનો, સેવકગણો અને ગ્રામજનોનું સ્વાગત સન્માન કરી આ પ્રસંગે હાજરી આપવા બદલ દેવમુરારી પરીવાર વતી આભારની લાગણી વ્યક્ત કરેલ. હાજર મહાનુભાવો અને સંતશ્રીઓ દ્વારા ધર્મ અનુરાગી પ્રવચન આપી સદ્‌ગત આત્માને શ્રધ્ધાંજલી અર્પણ કરેલ.

અને આ પ્રસંગે અમરેલી કુમાર છાત્રાલય માટે પૂર્વ પ્રમુખ અને અગ્રણી ટ્રસ્ટીશ્રી પૂ.દલપતબાપુ કુબાવત દ્વારા આ સંસ્થા માટે ફુલની પાંખડી સ્વરૂપે યથોચીત યોગદાન આપવા સભામાં અપીલ કરતાં મુકસેવક શ્રી રાધેશ્યામભાઈ દેવમુરારી દ્વારા ફાળો એકત્ર કરવામાં આવેલ જેમાં તીથી અનુદાનની રકમ સાથે કુલ ૧૫,૦૦૦/- જેટલી રકમ એકત્ર થયેલ જે છાત્રાલયના બેન્ક ખાતામાં જમા કરાવેલ.

૨૫૦૦/- તીથી અનુદાન સ્વ.પૂજ્ય કાંતીદાસબાપુ કાનદાસજી દેવમુરારીની પુણ્યતીથી ચૈત્ર વદ-૧ (એકમ) ને તા.૧૩/૦૪/૨૦૨૫ હસ્તે સંજયભાઈ તથા નરેશભાઈ કાંતીદાસબાપુ દેવમુરારી, હાલરીયા

૨૫૦૦/- પૂ.રતીદાદા, ગાયત્રી મંદીર-ચલાલા

૧૧૦૦/- મિતુલભાઈ રમણીકબાપુ દેવમુરારી, ધારી-સુરત

૧૫૦૦/- કીશોરભાઈ મનહરલાલ દેવમુરારી, જામનગર

૫૦૦/- હરીદાસબાપુ આત્મારામબાપુ દેવમુરારી પરીવાર, હાલરીયા

૫૦૦/- મનુભાઈ નિમાવત, રાજકોટ

૫૦૦/- પ્રવીણભાઈ નાનારામબાપુ દેવમુરારી, દામનગર

૫૦૦/- પરેશભાઈ બાંવાંદાસબાપુ ગોધાવાદર, હાલ આંબરડી

૨૦૦/- તુલસીદાસ વિઠલદાસબાપુ કુબાવત, આદપર

૨૦૦/- કાંતીરામજી પ્રભુદાસજી લશ્કરી

૨૦૦/- ભીખારામજી તુલસીદાસજી દેવમુરારી, હાલરીયા

૨૦૦/- સીતારામ ભરોસે

૧૦૦/- રમણીકભાઈ કેશવદાસજી દેવમુરારી, અમરેલી

૧૦૦/- જગદીશભાઈ વિરદાસજી અગ્રાવત, દડવા રાંદલ

૧૦૦/- પ્રફુલભાઈ ભરતભાઈ અગ્રાવત, દડવા રાંદલ

૧૦૦/- જગદીશભાઈ શામળદાસજી કુબાવત, ગરાળ

૧૦૦/- ધીરજલાલ મંછારામ દેવમુરારી, નાનામુંજીયાસર

૧૦૦/- ચંદુભાઈ જીવરામભાઈ કુબાવત, આદપુર

૧૦૦/- કીરીટભાઈ પોપટભાઈ દેવમુરારી, વડોદરા

૨૫૦૦/- તીથી અનુદાન ગરાળ, તા.ઉના સ્વ.શારદાબેન શામળદાસ કુબાવતની પુણ્યતીથી ચૈત્ર વદ-૩૦ અમાસ હસ્તે જગદીશભાઈ શામળદાસજી કુબાવત રહે. ગરાળ

૧૦૦/- ધર્મજીવનદાસજી હરજીવનદાસજી નિમાવત, દલખાણીયા

૧૦૦/- વિષ્ણુદાસ શાંતીરામજી રામપ્રસાદી, ગોપાયલ ગ્રામ

૧૦૦/- ડો. વિજયભાઈ સીતારામબાપુ નિમાવત, ધારી

૧૦૦/- કીશોરભાઈ શામળદાસજી નેનુજી પ્રમુખ શ્રી, ધારી

૧૦૦/- બાબાબાપુ દલખાણીયા, હાલ મુંબઈ

૧૦૦/- અમુભાઈ રામાવત, અમરેલી

૧૦૦/- નટુભાઈ પ્રેમદાસજી ભડીંગજી, અમરેલી

૧૦૦/- મનહરદાસજી છગનદાસજી, અમરેલી

૧૦૦/- અતુલભાઈ ભરતભાઈ ગોંડવિષ્ણુ

૧૦૦/- મયૂરભાઈ મનહરભાઈ દેવમુરારી

૧૦૦/- રાધેશ્યામભાઈ જેજેરામજી દેવમુરારી, ચલાલા

૧૦૦/- ઘનશ્યામબાપુ (રાઘવ), સાવરકુંડલા

૧૦૦/- અરુણભાઈ દેવમુરારી પ્રમુખ શ્રી રાજ્ય મંડળ, સાવરકુંડલા

૧૦૦/- વસંતદાસજી પ્રભુદાસજી અગ્રાવત, ગોપાલગ્રામ

૧૦૦/- મણીરામભાઈ દયારામભાઈ અગ્રાવત,ડેડકડી

૫૦/- સીતારામ ભરોસે

૫૦/- કાંતીદાસજી વિઠલદાસજી ખજુરી,પીપરીયા

૧૫૨૦૦/- કુલ

અમો અમરેલી જીલ્લા રામાનંદી સાધુ સમાજ- વ - શ્રી સવિતાબા રામાનંદ કુમાર છાત્રાલય અમરેલીનાં તમામ હોદ્દેદારો ટ્રસ્ટીગણ તમામ આ તકે સદગત પૂજ્ય કાંતીબાપુના આત્માને પરમકૃપાળુ પરમાત્મા સદેવ શ્રી ચરણોમાં સ્થાન આપે એવી પ્રાર્થના સહદય કરીએ છીએ અને સંસ્થાને યાદ કરી રૂ. ૧૫,૨૦૦/- કુલ અનુદાન અર્પણ કરેલ છે તે બદલ અમો ટ્રસ્ટીગણ તમામ દાતાશ્રી અને દેવમુરારી પરીવાર હાલરીયાનો હદયથી આભાર વ્યક્ત કરીએ છીએ. જય સીયારામ અહેવાલ

મુકેશભાઈ નિમ્બાર્ક
પ્રમુખ અને શ્રી સવિતાબા રામાનંદ કુમાર છાત્રાલય અમરેલીના તમામ હોદ્દેદારો ટ્રસ્ટીગણ

રામભક્ત મુખપત્રને પ.નં..... થી ....રૂ. મળેલ છે.



ખુદ ને શોધી લો, બધું મળી જશે.

# ૨૭ મી પૂણ્ય તિથીએ સ્મરણાંજલી સાથે સંસ્થાને દાન

**શ્રી એમ. આર. દેવમુરારી સાહેબ**
**સ્વ તા. ૨૧/૭/૧૯૯૮**

આપણી જ્ઞાતીના સૌપ્રથમ સિવિલ એન્જીનીયર રામાયણના ઉચ્ચ અભ્યાસી આધ્યાત્મીક લેવલે ઉચ્ચ જીવનજીવી પરિવારને ઉચ્ચ શિક્ષણ સાથે સંસ્કારનો વારસો આપેલ તેવા શ્રી મોરારભાઈ આર. દેવમુરારી(જામનગર) ની ૨૭મી પુણ્ય તિથી એ તેમના પરિવાર તરફથી આપણી શૈક્ષણિક સંસ્થાઓ ને યાદ કરી નીચે મુજબનું અનુદાન આપવામાં આવેલ છે.

રૂા.૫૦૦/- શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરુકૂળ કન્યા છાત્રાલય સાવરકુંડલા
રૂા.૫૦૦/- શ્રી વૈષ્ણવ બ્રાહ્મણ કુમાર છાત્રાલય ભાવનગરને
રૂા.૫૦૦/- શ્રી રામાનંદચાર્યજીકન્યા છાત્રાલય સુરેન્દ્રનગર
રૂા.૫૦૦/- શ્રી વૈદેહી રામાનંદ ચેરીટેબલ ટ્રસ્ટ કન્યા છાત્રાલય ભાવનગર
રૂા.૫૦૦/- શ્રી દ્વારકા રામાનંદી ધર્મશાળા, દ્વારકા
રૂા.૧૦૦/- શ્રી રામભકત મુખપત્ર સાવરકુંડલા
રૂા.૧૦૦/- શ્રી રામાનંદ ક્રાંતી મુખપત્ર ભાવનગર

**(શ્રધ્ધાજંલી પાઠવતા પરિવાર)**

શ્રી લાભુબેન એમ. દેવમુરારી - પત્ની(ભાવનગર)
શ્રી રાજેશભાઈ એમ.દેવમુરારી- પુત્ર (જામનગર)
શ્રીમતી કિર્તીબેન આર. દેવમુરારી- પુત્રવધુ (જામનગર)
ડો.સુધાબેન બકુલભાઈ મહેતા (પુત્રી,જમાઈ)ભાવનગર
ડો.વિણાબેન પ્રશાન્તભાઈ (પુત્રી,જમાઈ)ભાવનગર
શ્રીમતી મીનાબેન હિતેન્દ્રકુમાર આચાર્ય (પુત્રી,જમાઈ)અમદાવાદ

રૂા.૬૦૦/- બેંક ખાતામાં જમા મળેલ છે.

દાતાશ્રીનો દરેક સંસ્થાના ટ્રસ્ટીઓ હૃદયથી આભાર માને છે.

**લાભુબેન દેવમુરારી**

# પાંચાલી

એવી એક માન્યતા છે કે,મહાભારત વંચાય નહીં, સભળાય નહીં, તેની કથા કરાવાય નહીં, પણ ખરી વાત તો એ છે કે તેમાંથી ઘણી રસપ્રદ વાતો જાણવા મળે છે જેવી કે નળાખ્યાન, ઓખાહરણ વગેર. આજે પાંચાલીના વનવાસ દરમ્યાન બનેલી એક વાત રજુ કરું છું, જે મહાભારતના ગુજરાતી ભાષાંતરમાંથી લીધેલી છે.

પાંડવોને જુગારમાં હારવાને કારણે બાર વરસ વનમાં અને એક વરસ ગુપ્તવેષે રહેવાનું હતું. એકવાર મહાક્રોધી દુર્વાસા મુની કૌરવોનાં મહેમાન થયા.તેમની સાથે દસબાર શિષ્યો હતા. દુર્યોધને તેમને સારી રીતે જમાડીને સંતોષ આપ્યો અને વિચાર્યું કે,જો દુર્વાસા ઋષિ પાંડવો પાસે જાય તો વનમાં તેઓ એમનું સરખું સ્વાગત કરી શકે નહીં,અને મુની ગુસ્સે થઈને તેમને નાશ થવાનો શ્રાપ આપશે.

આથી દુર્યોધને દુર્વાસા ઋષિને કહ્યું કે તમે શિષ્યો સહિત વનમાં પાંડવો પાસે જશો તો તેમને ખુબ આનંદ થશે. દુર્વાસા ઋષિ શિષ્યો સહિત પાંડવોનાં વનનિવાસ તરફ ગયા.અને કહ્યું કે,અમે ગંગા નદીમાં સ્નાન કરીને આવીએ છીએ પછી અહીં સૌ સાથે ભોજન કરીશુ. એમ કહીને સૌ નદીએ ગયા.

પાંચાલીને સુર્યદેવે એક એવુ પાત્ર આપ્યું હતું કે, આપ્તજનો કે અતિથિઓને ગમે તેટલું જમાડે તો પણ જમવાનુ ખુંટે નહી. એકવાર પાત્ર સાફ કરી લીધા પછી એ દિવસે ભોજન મળે નહીં. પાંડવોએ એવુ નક્કી કર્યું હતું કે દિવસમાં એક વાર જ જમવું અને અતિથિઓને જમાડવા.

દુર્વાસા મુનિ આવ્યા ત્યારે પાંડવોએ જમી લીધુ હતું, પાંચાલીએ સૌથી છેલ્લે જમીને પાત્ર સાફ કરી લીધુ હતુ. પાંચાલી વિચારમાં પડી કે હવે શું કરવું, તેણે મનમાં શ્રીકૃષ્ણ ને યાદ કર્યા. શ્રીકૃષ્ણ તરત પ્રગટ થયાં અને પાંચાલી એ પોતાની મુંજવણ જણાવી. પાત્ર સાફ કર્યા પછી ભોજન શક્ય હતું નહિ. શ્રીકુષ્ણએ પાત્ર મંગાવીને તપાસ્યુ,તો તેમાં ભાતનો એક દાણો રહી ગયેલો જોવા મળ્યો. શ્રીકૃષ્ણ એ દાણો આરોગી ગયા.

તેથી કરીને નદીએ નહાવા ગયેલા દુર્વાસા મુનિ અને તેમનાં શિષ્યો ની ભૂખ ભાંગી ગઈ.તેમણે નદીએથી જ કહેવડાવ્યું કે અમને ભૂખ નથી એટલે અમે જમવા આવીશું નહીં અને સૌ ચાલ્યા ગયા. આવો હતો સતી પાંચાલીનાં સતનો પ્રતાપ.

રાજા દ્રુપદની પુત્રીનાં નામો : દ્રૌપદી, પાંચાલી, કુષ્ણા, યાજ્ઞસેની, સૈરંધ્રી વગેરે હતાં. • દ્રુપદ રાજાની દીકરી= દ્રૌપદી • પાંચાલના રાજાની પુત્રી = પાંચાલી • સહેજ ભીનેવાન = કુષ્ણા • યજ્ઞમાંથી જન્મેલી = યાજ્ઞસેની • વિરાટરાજાને ત્યાં રાખેલું નામ = સૈરંધ્રી

મહાભારતનાં ગુજરાતી ગ્રંથમાંથી સંકલિત
સંકલન કર્તા લાભુબેન દેવમુરારી

સરનામું : ડો સુધાબેન મહેતા
સાંત્વન હોસ્પિટલ,માધવદીપ કાળાનાળા, ભાવનગર.
ફોન ૯૮૨૫૩૭૦૯૭૪



આ દુનિયામાં બધુ જ કીમતી છે, પરંતુ મળ્યા પહેલા અને ગુમાવ્યા પછી



## રામભક્તને ખુશાલી ભેટ

આથી અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના પ્રોપર રાજુલા નિવાસી તુલસીદાસ કાશીરામ દેવમુરારી નિવૃત નાયબ-મામલતદાર (રાજુલા) તથા રાજુલા તાલુકા પેન્શનર મંડળના મહામંત્રી તરફથી લખી જણાવવાનું કે, માહે જૂન-૨૦૨૫ થી અમારી ઉંમર/વર્ષ ૮૫ પુર્ણ થતાં અમોને નામદાર સરકારશ્રી તરફથી વધારાનું ૧૦% મોંઘવારી ભથ્થું નિયમાનુસાર મળવા પાત્ર હોઈ, રામભક્તને યાદ કરી રકમ રૂપિયા ૨૫૦/-નું MO કરૂં છું. તે સ્વીકારવા વિનંતી છે.

વિશેષમાં સેવાકિય પ્રવૃતિમાં નોંધપાત્ર વિગત આ નીચે જણાવું છું.

(૧) વયોવૃધ્ધ પેન્શનરોને મદદરૂપ થવું. (૨) રાજુલા ગાયત્રી સત્સંગ મંડળના સભ્યનાનાતે રામકથા-ભાગવત, વિ.ધર્મગ્રંથો-વરિષ્ઠ સત્સંગ મંડળના સભ્યોને વાંચી સંભળાવી-સમજાવીને મનોમંથનને લગતી પ્રવૃતિ-સ્થળ રાજુલા ગાયત્રી મંદિર સમય દરરોજ બપોર બાદ ૫:૦૦ થી ૬:૩૦ સુધી.

રૂ. ૨૫૦/- પ.નં. ૭૭૧૧ થી જમા મળેલ છે.

ટી.કે.દેવમુરારી (રાજુલા), (મહામંત્રી) રાજુલા તાલુકા પેન્શનર મંડળ

## નાની ઉંમરે સ્ટેજ વક્તા સનાતની રિહમ્

શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરૂકુળ કન્યા છાત્રાલય, સાવરકુંડલા તાજેતરમાં ગૃહમાતા સાથે તેમની પુત્રી Reehm Sadhu રિહ્મ સાધુ જે માત્ર ૪ વર્ષ ૧૧ માસની છે અને તે શ્રીમદ્ ભગવત ગીતા ૧૨ મો અધ્યાય, શીવ તાંડવ, મહીષાસુર મર્દીની, ઘણાં બધાં શ્લોક અને તે પણ શુધ્ધ ઉચ્ચારણમાં ૩૫ થી વધુ સ્ટેઝ પોગ્રામ આપી અને પોતે સનાતની દૈવી કાર્ય કરવા.

**દર શનિવારે હનુમાન ચાલીસાના પાઠ કરવા ઘરે ઘરે જાય છે**

ખાસ વાત અહીંયા શ્રીમદ્ ભગવત ગીતાજીનો અભ્યાસ કરી વક્તા બનવા આવ્યા છે, તો આપ સૌ સમાજના આશિર્વાદ આપી પ્રોત્સાહિત કરશોજી અને આપણાં સમાજના ગુરૂકુળના બહેનો દ્વારા અને બહેનોને આવા ભારતીય સંસ્કૃતિ અને સંસ્કૃત માટે જાગૃતતા લાવવા જ ખાસ આવ્યા હોય... પૂ.શ્રી ઘનશ્યામબાપુ અને પ્રમુખશ્રી અરૂણભાઈ સાથે ઉંડાણથી ચર્ચા બાદ સર્વ મંડળના શુભેચ્છકો દ્વારા શક્ય બન્યું છે.

## લાદવામાં આવે તે શિક્ષણ અને ઉપાડવામાં આવે તે સંસ્કાર...

આપણાં સમાજમાં ઉત્તરોત્તર અભ્યાસનું સ્તર વધતું જાય છે અને તેમાં શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરૂકુળ કન્યા છાત્રાલય, સાવરકુંડલામાં ભારતીય સંસ્કૃતિ, શ્રીમદ્ ભગવત ગીતાજી અને આધ્યાત્મિક વિકાસ માટે સ્વયંભૂ છાત્રઓ સંભાળી શકે એવી વ્યવસ્થા કરી એક અજોડ ઉદાહરણ પુરૂ પાડી રહેલ છે. સાથે સાથે કોમ્પ્યુટર, વ્યવસાયિક, સ્ટેજ પ્રેક્ટીશ, વકૃત્વ શ્લોક હરિફાઈ, બેસ્ટ પેરેન્ટસ, બેસ્ટ મોનેટર, દરેકના વારંવાર મન્તવ્યો સાથે નવા આયોજન સાથે ગૃહપિતા(ગૃહપતિ કહે છે) તે શ્રી ભાષ્કરભાઈ સાધુ બાળકો દાદા કહે છે તેમની સાથે ૨૦૨૫ ને અનુભવશું...

સ્વ. કુંદનબેન રાજુભાઈ રામાનુજ
સ્વ.તા. ૧૩-૧-૨૫

## સ્વ. કુંદનબેન રાજુભાઈ રામાનુજ (સાયલા) ની ઉત્તરક્રિયા ના દિવસે શ્રી બજરંગદાસ બાપા રામાનંદ ગુરુકૂળની છાત્રબાળા ઓને દક્ષિણા અર્પણ

આપણા રાજયમંડળના કારોબારી સદસ્ય અને રામ ભકત કન્વીનર શ્રી સતીષભાઈ એમ. વૈષ્ણવ સુરતના સાસુ સ્વ. કુંદનબેનની ઉત્તરક્રિયા પોષ વદ-૧૦ શુક્રવાર તા. ૨૪-૧-૨૫ ના રોજ એમના નિવાસ સ્થાને મહારાજ રેસ્ટોરન્ટ સાયલા મુકામે હતી ત્યારે આપણા છાત્રાલયની દિકરીઓને સ્વ.કુંદનબેનના પુણ્યાર્થે તેમના પુત્રી શ્રીમતી જાગૃતિબેન સતીષભાઈ વૈષ્ણવ તરફથી દરેક બાળાને રૂ. ૧૧/- લેખે દક્ષિણા આપવામાં આવેલ છે. પ્રસંગોચિત છાત્રાલયને યાદ કરવા બદલ આભાર સાથે છાત્રાબાળાઓએ સ્વ.કુંદનબેનને શ્રધ્ધાંજલી પાઠવે છે.

નિમાવત છાયાબેન કમલેશભાઈ

## :: હૃદયપૂર્વક આભાર ::

ઈસ્ટદેવ હનુમાનજી દાદાની દયાથી તથા વડીલોના આશીર્વાદથી આજ રોજ માળીયા તાલુકાના મહેન્દ્રગઢ ફગશીયા ગામના સરપંચ તરીકે મારા પર જવાબદારીનો કળશ ઢોળી મારી પસંદગી કરી તે બદલ ફગશીયા ગામનો ખૂબ ખૂબ આભાર.

આપે મુકેલા વિશ્વાસને આવતા પાંચ વર્ષ સુધી હુ તન મન ધનથી ગામના વિકાસ માટે સમર્પિત રહીશ ગામના સાથ સહકારથી ગામને પ્રગતિની દિશામા લઈ જઈસ, આમ જ આપનો સાથ સહકારને માર્ગદર્શન મળતું રહે એવી આશા રાખું છું

:: અભિનંદન પાઠવતા ::

શ્રી ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળ(રાજ્ય મંડળ), ટ્રસ્ટીઓ
શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરૂકુળ કન્યા છાત્રાલય, સાવરકુંડલા
શ્રી "રામભક્ત" મુખપત્ર સંપાદક મંડળ, સાવરકુડલા

સુખદેવભાઈ લશ્કરી

## ખુબ ખુબ શુભેચ્છાઓ સહ અભિનંદન

શ્રી ઈષ્ટદેવ અને કુળદેવી માતાજીની અસીમ કૃપાથી ભાવનગર જિલ્લા, (તા:વલ્લભીપુર), માલપરા ગ્રામ પંચાયતમાં **સુખદેવભાઈ લશ્કરી** ચૂંટણીમાં ભવ્ય વિજય બની સરપંચ બન્યા છે.

સરપંચની ચૂંટણીમાં વિજેતા બનતા ગ્રામ જનોની સેવાની અમુલ્ય તક મળવા બદલ તમે આગળ રાજકીયપ્રતિષ્ઠા પદમાં વધારો થાય તેવી ખુબ ખુબ શુભેચ્છાઓ સહ અભિનંદન

:: અભિનંદન પાઠવતા ::

શ્રી ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળ(રાજ્ય મંડળ), ટ્રસ્ટીઓ
શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરૂકુળ કન્યા છાત્રાલય, સાવરકુંડલા
શ્રી "રામભક્ત" મુખપત્ર સંપાદક મંડળ, સાવરકુડલા

ચિ. સોહિલરાજ

## ખૂબ ખુબ અભિનંદન

શ્રી ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળ (રાજ્ય મંડળ) નાં સ્થાપક ટ્રસ્ટી અને પૂર્વ પ્રમુખ શ્રી અશોકભાઈ રામાનુજ સાહેબ નાં સુપુત્ર શ્રી સોહિલરાજ દ્વારા તાજેતર માં લેવાયેલ LL M ની પરીક્ષા માં ઉચ્ચ ગુણાંક..સાથે ફર્સ્ટ ક્લાસ મેળવી ને ઉત્તીર્ણ થતા તેઓ ને ખૂબ ખૂબ અભિનંદન સહ શુભેચ્છાઓ. **ચિ. સોહિલરાજ** હાલ માં સુરત મુકામે વકીલાત કરી રહ્યા છે.તેઓ વકીલાત ના વ્યવસાય માં ઉજ્જ્વળ કારકિર્દી બનાવી પરિવાર અને સમાજ નુ નામ રોશન કરો તેવી શુભકામના

:: શુભેચ્છ ::

શ્રી ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળ(રાજ્ય મંડળ), ટ્રસ્ટીઓ
શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરૂકુળ કન્યા છાત્રાલય, સાવરકુંડલા
શ્રી "રામભક્ત" મુખપત્ર સંપાદક મંડળ, સાવરકુડલા

શ્રી રતિલાલ કરસનદાસ અગ્રાવત

## ખૂબ ખુબ અભિનંદન

મેઘપર ગામ ના અગ્રણી અને સેવાકાર્યમા સતત જોડાયેલા **શ્રી રતિલાલ કરસનદાસ અગ્રાવત** ને મેઘપર ગ્રામ પંચાયતની ચુંટણી - ૨૦૨૫ બિનહરીફ સરપંચ બનવા બદલ ખુબ ખુબ શુભેચ્છાઓ...

:: શુભેચ્છ ::

શ્રી ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળ(રાજ્ય મંડળ), ટ્રસ્ટીઓ
શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરૂકુળ કન્યા છાત્રાલય, સાવરકુંડલા
શ્રી "રામભક્ત" મુખપત્ર સંપાદક મંડળ, સાવરકુડલા



જીવન માં બધી જ મુશ્કેલી સામાન્ય થઈ જાય, જ્યારે પપ્પા એમ કહે કે - 'હું બેઠો છું.'

# સારાં કર્મો કરતા રહો, આખરે તમને જ એનો લાભ મળશે.

सुशीलो भव धर्मात्मा मैत्रः प्राणिहिते रतः ।
निम्नं यथापः प्रवणाः पात्रमायान्ति सम्पदः ॥

ઉપરોક્ત શ્લોક વિષ્ણુપુરાણના પ્રથમ અંશના ૧૧મા અધ્યાયમાંથી લેવામાં આવ્યો છે. ગીતા પ્રેસ પ્રકાશિત પુસ્તકમાં એનો ક્રમાંક ૨૪ છે. આ શ્લોકમાં કહેવામાં આવ્યું છે : 'તું સુશીલ, ધનિષ્ઠ, કરુણાવાન અને તમામ જીવોનો હિતેચ્છુ બને, જે રીતે પાણી હંમેશાં નીચેની તરફ વહે છે અને પાત્રમાં ભરાઈ જાય છે અુ જ રીતે વિનમ્ર અને સારા લોકો સમૃદ્ધિ પામે છે.'

આ શ્લોકનો સંદર્ભ ૧૬મા શ્લોક સાથે છે. એમાં માતા અને પુત્ર વચ્ચે સંવાદ થાય છે. વાતચીતના આ છેલ્લા શ્લોકમાં માતા પુત્રને શિખામણ આપે છે. માતા સંવાદ દરમિયાન કહે છે, 'વ્યક્તિનાં સારાં કર્મ એની સાથે સાથે જ રહે છે. જો માણસ ગુણવાન રહેશે તો ગુણ એની સાથે રહેશે. ટેકરી પરથી વહેતું પાણી આખરે જળાશયમાં એકઠું થાય છે એ જ રીતે સારા કર્મોનો પણ સંચય થાય છે.'

ચાલો, ઉપરોક્ત ચર્ચાને આગળ વધારીએ એક દિવસ મને ટીવી પર થાઈલેન્ડની વીમા કંપનીની જાહેરખબર જોવા મળી. એમાં મધ્યમવર્ગના એક યુવાનની વાત સાથે શરૂઆત થાય છે. એ યુવક દરરોજ કામે જતી વખતે લોકોની મદદ કરતો જાય છે. એ યથાશક્તિ સહાય કરે છે. ક્યારેક કોઈ ફેરિયાને હાથલારી ખેંચવામાં મદદ કરે છે, ક્યારેક જરૂર ન હોય તો પણ બુટપોલિશ કરાવી લે છે, ક્યારેક કોઈ વૃદ્ધની રસ્તો ઓળંગવામાં મદદ કરે છે વગેરે વગેરે. એક દિવસ એણે કેળાં ખરીદીને એના પાડોશમાં એકલાં રહેતાં વૃદ્ધાના ઘરની બહાર ટિંગાડી દીધાં અને ત્યાર પછીના દિવસે રસ્તા પરનાં કૂતરાંને બિસ્કિટ ખવડાવ્યાં. આ એનો રોજિંદો ક્રમ હતો. કોઈને મદદ કરવાના બદલામાં એ કોઈ અપેક્ષા રાખતો નહીં. જાહેરખબરના વીડિયોના છેલ્લા દૃશ્યમાં એને હોસ્પિટલના બિછાને સૂતેલો દેખાડાય છે અને જલદી સાજો થાય એ માટે પ્રાર્થના કરનારા લોકોની ભીડ હોસ્પિટલની બહાર ઊભેલી હોય છે. છેલ્લે એક વાક્ય સ્ક્રીન પર આવે છે : 'લોકોનો પ્રેમ પામવા માટે તમારે કોઈ મોટી હસ્તી હોવું જરૂરી નથી.'

**સારી રીતે પચી ગયેલું અન્ન જે રીતે તૃપ્તિનો અનુભવ કરાવે છે એ જ રીતે સારાં કાર્યો દ્વારા પ્રાપ્ત કરેલી યોગિક વેલ્થ પ્રસન્નતા આપે છે.**

અહીં મને મારી ઓફિસના બીલ્ડીંગની નીચે ઊભા રહેતા ચાવાળાની યાદ આવી. એ મહેનતુ અને પ્રામાણિક વ્યક્તિ હતો. મૂળ રાજસ્થાનથી આવેલો એ માણસ સવારે ધંધો શરૂ થાય એની પહેલાં બિલ્ડીંગના વોચમેન, લિફ્ટમેન અને સફાઈવાળાને મફતમાં ચા આપતો. દિવસ દરમિયાન એ જ માણસોને જો ચા જોઈતી હોય તો એના પૈસા લેતો. આ જ રીતે બપોરે અને રાત્રે જમતાં પહેલાં કોઈ એક ભિખારીને ખાવાનું આપતો.

એક દિવસ મેં એના આ ગુણનાં વખાણ કર્યાં. એણે કર્યું કે એ કંઈ મોટું પુણ્યનું કામ કરી રહ્યો નથી. પોતાના પેટમાં જતો અન્નનો કણ બારબર પચી જાય એ માટે આવું સદ્કાર્ય એ કરે છે. એની વાત ખરેખર ઘણું કહી જાય છે. મનુષ્ય કંઈક પામીને ખુશ થાય એના કરતાં કંઈક આપીને વધારે ખુશ થાય તો એ પ્રસન્નતા પામે છે, ચાવાળો આ લાભ પ્રાપ્ત કરી રહ્યો હતો.

યોગિક વેલ્થ પણ એક ગુણ છે. આપણને સારાં કર્મો દ્વારા સંપૂર્ણ સ્વસ્થતાનો લાભ પ્રાપ્ત થતો હોય છે. આપણે આ કટારમાં અનેક વાર કહી ચૂક્યા છીએ કે યોગિક વેલ્થ પ્રસન્નતા બક્ષે છે, જે કાયમી શાશ્વત આનંદ હોય છે. સારી રીતે પચી ગયેલું અન્ન જે રીતે તૃપ્તિનો અનુભવ કરાવે છે એ જ રીતે સારાં કાર્યો દ્વારા પ્રાપ્ત કરેલી યોગિક વેલ્થ પ્રસન્નતા આપે છે. આથી કહેવાનું કે સારાં કાર્યો કરતા રહો, છેવટે જળાશયમાં જમા થતા પાણીના સંચયની જેમ તમારાં સદ્કાર્યોનો સંચય થશે અને એનો તમને જ લાભ મળશે.

# દીકરીના લગ્નની ચાંદલાની રકમ સમાજની દિકરીઓના શિક્ષણ માટે અપાશે

આપણા પરિવારમાં જ્યારે પણ કોઈના લગ્ન હોય ત્યારે વ્યવહારમાં આવેલા ચાંદલાની રકમ આપણે ઘરમાં ઉપયોગ કરતા હોઈએ છીએ. પરંતુ મૂળ મૂળીના વતની અને હાલ સુરેન્દ્રનગર રહેતા પરમાર પરિવારે પોતાના દીકરીબાના લગ્નમાં ચાંદલામાં જે કાઈ રકમ આવે તે તમામ રૂપિયા ક્ષત્રીય સમાજના દીકરીઓના શિક્ષણ માટે સમાજના છાત્રાલયમાં આપવાનો નિર્ણય કરી સમાજ અને અન્ય લોકોને નવો રાહ ચીંધ્યો છે.

મૂળીના કુકડીયાપાના વતની અને હાલ સુરેન્દ્રનગર રહેતા નાનભા કેશુભા પરમાર પોતાના ક્ષત્રીય સમાજની સાથે અન્ય સમાજ સાથે પણ ખૂબ સારો ઘરોબો ધરાવે છે. સરકારી કોન્ટ્રાક્ટરનું કામ કરતા નાનભા પરમાના દીકરીબા શ્રધ્ધાબાના લગ્નનો જમણવાર ધામધુમથી માતોશ્રી પાર્ટી પ્લોટમાં રાખવામાં આવ્યો છે. જેમાં જમણવારમાં આવનાર દરેક વ્યક્તિ ચાંદલો કરાવતા હોય છે. પરંતુ શ્રધ્ધાબાના લગ્નના જમણવારમાં જે પણ ચાંદલો આવશે તે તમામ રકમ ક્ષત્રીય કન્યા કેળવણીમાં અભ્યાસ કરતી દીકરીઓના લાભાર્થે અર્પણ કરવાનો નિર્ણય પરમાર પરિવારે લીધો છે. આ બાબતે નાનભા કેશુભા પરમારે જણાવ્યું કે દીકરીઓનું શિક્ષણ અને તેમને રહેવા સહિતની સગવડતા માટે ખૂબ મોટો ખર્ચ થાય છે. ક્ષત્રીય સમાજના છાત્રાલયમાં અભ્યાસ કરતી દીકરીઓ સારી રીતે અભ્યાસ કરે, સગવડતા જળવાય તે માટે ચાંદલાની તમામ રકમ સમાજને અર્પણ કરવાનો નિર્ણય લીધો છે. સમાજના આવી નવી પહેલ થવી જોઈએ જેથી કન્યા કેળવણીને પ્રોત્સાહનની સાથે આર્થિક મદદ પણ થઈ શકે.

રામાનંદી સાધુ સમાજની ગૌરવગાથાને વર્ણવતું મુખપત્ર એટલે...
જ્યાં વસે રામાનંદી ત્યાં હશે, રામભક્ત

# " પરિવર્તન "

૧૯૫૫ થી ૧૯૯૦ માં જન્મેલા લોકો માટે - આ લેખ તમને સમર્પિત છે.

આ પેઢી હવે ૩૦ થી ૬૦ ના દાયકામાં છે. આ પેઢીની સૌથી મોટી સિદ્ધિ એ છે કે તેઓએ જબરદસ્ત પરિવર્તન જોયું અને તેને આત્મસાત કર્યું. અને સૌથી મોટો પડકાર એ હતો કે આ પેઢી હંમેશા ઉંબરે ઉભી રહી - ન તો સંપૂર્ણપણે પરંપરાગત કે ન તો સંપૂર્ણપણે આધુનિક.

તેઓએ ૧, ૨, ૫, ૧૦, ૨૦, ૨૫ અને ૫૦ પૈસાના સિક્કા જોયા. તેઓ મહેમાનો પાસેથી ખચકાટ વિના પૈસા સ્વીકારતા હતા. સ્લેટ અને ચાકથી લઈને પેન્સિલ, પેન અને હવે સ્માર્ટફોન, લેપટોપ અને પીસી સુધી - આ પેઢી તેમના પછીના વર્ષોમાં પણ ટેકનોલોજી સાથે સરળતાથી અનુકૂલન સાધ્યું છે.

સાયકલ એક સમયે તેમના બાળપણમાં વૈભવી હતી, અને હવે તેઓ આત્મવિશ્વાસથી સ્કૂટર ચલાવે છે અને વૃદ્ધાવસ્થામાં કાર ચલાવે છે. ક્યારેક તોફાની, ક્યારેક ગંભીર - તેઓએ ઘણું બધું જોયું છે અને સહન કર્યું છે, છતાં મૂલ્યોમાં ઊંડા મૂળિયાં રહ્યા છે.

ટેપ રેકોર્ડર અથવા પોકેટ ટ્રાન્ઝિસ્ટર એક સમયે કિંમતી સંપત્તિ હતી. તેઓ છેલ્લી પેઢી હતી જેમનું બાળપણ માર્કશીટ કે ટેલિવિઝન દ્વારા ચોરાયું ન હતું. તેઓ કૂકરની વીંટી અને ટાયરનો ઉપયોગ કરીને રમતો રમતા હતા, અને ક્યારેય શરમ અનુભવતા નહોતા. જમીનમાં સોય નાખવાને પણ રમત માનવામાં આવતી હતી. કાચી કેરી તોડવી એ ચોરી નહોતી - એ બાળપણનો આનંદ હતો.કોઈપણ સમયે કોઈપણ પાડોશીનો દરવાજો ખટખટાવવો એ કોઈ "નૈતિકતા" તોડતો નથી.

મિત્રની માતા દ્વારા ભોજન મેળવવું એ ઉપકાર નહોતો, અને મિત્રના પિતા દ્વારા ઠપકો આપવાથી અહંકારને નુકસાન થતું નહોતું - આ છેલ્લી પેઢી હતી જેણે આવા શુદ્ધ બંધનોનો અનુભવ કર્યો હતો. શાળામાં, તેઓ પોતાની બહેનો સાથે વાત કરવામાં પણ શરમાતા હતા. જો કોઈ મિત્ર બે દિવસ ગેરહાજર રહેતો, તો તેઓ શાળા પછી તરત જ તેમની સ્કૂલ બેગ લઈને તેના ઘરે જતા. જો કોઈ સહાધ્યાયીના પિતા શાળાએ આવતા, તો બાળકો પૂર ઝડપે બૂમ પાડતા, "તમારા પપ્પા અહીં છે! જલ્દી આવો!" - તેઓ કુરિયર જેવા સંદેશાઓ વહન કરતા, તાકીદ અને વફાદારીથી ભરેલા.

જો શેરીમાં કોઈ ઘરમાં કોઈ સમારંભ હોય, તો આ પેઢી ધાર્મિક વિધિઓ કે સામાજિક ધોરણોની ચિંતા કર્યા વિના મદદ કરશે.તેઓ કપિલ, સુનીલ ગાવસ્કર, વેંકટરાઘવન, પ્રસન્ના જેવા કલાકારોને ક્રિકેટમાં જોતા મોટા થયા; પેસ, ભૂપતિ, સ્ટેફી ગ્રાફ, અગાસી, સંપ્રસને ટેનિસમાં; રાજ કપૂર, દેવ આનંદ, દિલીપ કુમારથી લઈને રાજેશ ખન્ના, અમિતાભ બચ્ચન, ધર્મેન્દ્ર, જીતેન્દ્ર, અને આમિર, સલમાન, શાહરૂખ, માધુરી, અનિલ કપૂર સુધી - તેમણે સિનેમાનો સુવર્ણ યુગ જોયો. તેઓએ **VCR** ભાડે લેવા અને સાથે ૪-૫ ફિલ્મો જોવા માટે પૈસા ભેગા કર્યા - આ તેમની નેટફ્લિક્સ પાર્ટીઓનું સંસ્કરણ હતું.

તેઓ લક્ષ્મીકાંત બર્ડે અને અશોક સરાફ, નાના પાટેકર, ઓમ પુરી, શબાના આઝમી, સ્મિતા પાટિલ, ગોવિંદા, જગ્ગુ દાદા, વર્ષા ઉસગાંવકર, સોનમ, કિમી, સોનાલી જેવા પ્રશંસનીય કલાકારોની સ્વચ્છ કોમેડી પર હસ્યા. શિક્ષકો દ્વારા ઠપકો મળવો અથવા માર મારવો સામાન્ય હતો - એકમાત્ર ડર એ હતો કે માતાપિતાને ખબર ન પડે, કારણ કે તેનો અર્થ ઘરે વધુ સજા થાય છે.

તેઓએ ક્યારેય શિક્ષકો સામે અવાજ ઉઠાવ્યો નહીં, અને વર્ષો પછી પણ, જો તેઓ કોઈ નિવૃત્ત શિક્ષકને જોતા, તો તેઓ આદરપૂર્વક નમીને તેમનું સ્વાગત કરતા.જ્યારે કોલેજોમાં રજા રહેતી ત્યારે તેઓ પોતાના ભવિષ્ય વિશે સપના જોતા. મોબાઈલ નહોતા, એસએમએસ નહોતા, વોટ્સએપ નહોતા - તેઓ પોતાના પ્રિયજનોને રૂબરૂ મળવાની આતુરતાથી રાહ જોતા પંકજ ઉધાસનું "તુને પૈસા બહુત કમાયા, ઈસ પૈસા ને દેશ ચૂડાયા" ગીત સાંભળીને તેઓ પોતાના આંસુ લૂછતા હતા.

તેઓ દિવાળીની પાંચ દિવસની આખી વાર્તા જાણતા હતા. લિવ-ઈન ભૂલી જાઓ - પ્રેમ લગ્ન પણ બોલ્ડ માનવામાં આવતા હતા. શાળા કે કોલેજમાં છોકરીઓ સાથે વાત કરવાથી તમે "ખૂબ જ આધુનિક" લાગતા હતા.

